# ગુજરાત ચણા-8 (સોરઠ વિક્રમ) ચણાની ખેતી પધ્ધતિ

| | |
|---|---|
| **ખાસિયતો** | બિનપિયત અને પિયત બંને વિસ્તારો માટે અનુકૂળ, પાકવાના દિવસો: 115, છોડની ઊંચાઇ વધારે અને ઉભડો છોડ, સુકારા અને ટૂંટિયું રોગ સામે પ્રતિકારકતા અને મધ્યમ કદનો કથ્થાઇ રંગનો દાણો. |
| **જમીન અને જમીનની તૈયારી** | સારી ભેજસંગ્રહ શક્તિ ધરાવતી, કાળી અથવા મધ્યમ કાળી કાંપવાળી જમીનમાં ચણા ખૂબજ સારા થાય છે. જયાં ખારા ભૂગર્ભજળનું સ્તર બહુ ઊંચું ન હોય અને જમીન ખારી ન હોય ત્યાં ચણા થાય છે. બિનપિયત વિસ્તારોમાં ચોમાસા પછી જેમ જેમ પાણી સુકાતું જાય તેમ તેમ ચણાની વાવણી કરવામાં આવે છે. આવા વિસ્તારોમાં વાવણી વખતે બીજ 10 થી 15 સે.મી. ઊંડે ભેજમાં પડે એ ખૂબ જરૂરી છે. પિયત વિસ્તારમાં હેકટરે 10 ટન છાણીયું ખાતર નાખીને દાંતી, રાંપ, સમારથી જમીન તૈયાર કરવી. |
| **વાવેતર સમય** | **પિયત ચણા:** નવેમ્બરનું પ્રથમ પખવાડિયું<br>**બિનપિયત ચણા:** ઓકટોબરનું છેલ્લા અઠવાડિયું |
| **વાવેતર અંતર અને બીજદર** | બે ચાસ વચ્ચે 30 થી 45 સે.મી.ના અંતર મુજબ હેકટરે 60 કિલો પ્રમાણે ચણા વાવવા. |
| **બીજ-માવજત** | વાવણી વખતે પહેલા ફૂગનાશક દવા અને પછી રાઈઝોબિયમ કલ્ચરનો પટ આપવો. રોગ સામે રક્ષણ માટે એક કિલો બિયારણમાં 3 ગ્રામ મુજબ ફૂગનાશક દવા કાર્બેન્ડાઝીમ 1 ગ્રામ અને થાયરમ 2 ગ્રામ અથવા ટ્રાયકોડર્મા વીરીડી 4 ગ્રામ અને વાયટાવેક્ષ 1 ગ્રામ પ્રમાણે બિયારણને દવાનો પટ આપવો. |
| **ખાતર વ્યવસ્થાપન** | ચણાને વાવણી વખતે એક જ ડોઝ ખાતરનો આપવો. પાયાના ખાતર તરીકે હેકટરે 20 કિલો નાઈટ્રોજન, 40 કિલો ફોસ્ફરસ અને 20 કિલો ગંધક વાવણી પહેલાં ચાસમાં આપવો. ચણાના મૂળમાં રાઈઝોબિયમ જીવાણુંની પ્રવૃતિ 21 દિવસોમાં શરૂ થાય છે, તેથી છોડ પોતે જ હવાનો નાઈટ્રોજન વાપરવાની શકિત મેળવી લે છે. ચણાને આ કારણથી પૂર્તિખાતરની જરૂર નથી. |
| **નીંદણ વ્યવસ્થાપન** | જરૂર મુજબ આંતરખેડ અને નીંદામણથી ખેતર ચોખ્ખું રાખવું. આ રીત સૌથી ફાયદાકારક માલૂમ પડેલ છે. જો હાથથી નીંદામણ પહોંચી શકાય તેમ ન હોય તો વાવેતર બાદ તરત એટલે કે ચણા ઉગતા પહેલાં પેન્ડીમીથાલીન હેકટરે એક કિલો (સક્રિય તત્વ) મુજબ 500 થી 600 લિટર પાણીમાં ભેળવી છાંટવાથી સારુ નિયંત્રણ થાય છે. |

| | |
|---|---|
| **પિયત વ્યવસ્થાપન** | જે જમીનમાં ભેજ સંગ્રહાયેલો હોય છે, તેનો ઉપયોગ કરીને જ **બિનપિયત ચણા** લેવામાં આવે છે. આમ છતાં જયાં પાણીની સગવડ હોય ત્યાં પિયત આપવાથી ઉત્પાદન ખૂબ વધારે મળે છે.<br>**પિયત ચણા :** પહેલું પિયત - ઓરવાણ કરીને ચણા વાવ્યા પછી, બીજું પિયત -ડાળી ફૂટાવ સમયે, ત્રીજું પિયત - ફૂલ બેસતી વખતે, ચોથુ પિયત - પોપટા બેસતી વખતે, આમ ચણામાં ડાળી ફૂટતી વખતે, ફૂલ અને પોપટા બેસતી વખતે એમ ત્રણ કટોકટીની અવસ્થાએ પિયતની ખાસ જરૂરિયાત હોય છે.. |
| **ચણામાં જીવાત નિયત્રંણ** | |
| **લીલી ઇયળ** | ચણામાં મુખ્યત્વે લીલી ઇયળનો ઉપદ્રવ વધુ જોવા મળે છે. જે પાન, કૂણી કૂંપળો અને પોપટા કોરી ખાય છે. રાસાયણિક નિયંત્રણમાં પ્રોફેનોફોસ 20 મિ.લિ. અથવા અથવા ફેનવાલેરેટ 10 મિ.લિ. અથવા આલ્ફામેથ્રીન 5 મિ.લિ. દવા 10 લિટર પાણીમાં ભેળવી ફૂલ બેસે ત્યારે અને પછી 15 દિવસ બાદ ફરીથી છંટકાવ કરવો. બિનપિયત વિસ્તાર કે જયાં છંટકાવ શકય ન હોય ત્યાં મીથાઇલ પેરાથીઓન 2% અથવા કલોરપાયરીફોસ 1.5% ભૂકી હેકટરે 25 કિ.ગ્રા. પ્રમાણે છાંટવી. |
| **ચણામાં રોગ નિયત્રંણ** | |
| **સુકારો** | બીજ અને જમીન બન્ને મારફત ફેલાતા આ રોગ પાકની કોઈ પણ અવસ્થા દરમ્યાન જોવા મળે છે. પાકની શરૂઆતમાં કે પાછલી અવસ્થાએ છોડ ઉભા સુકાય છે. થડ ચીરતા ઉભી કાળી-કથ્થાઇ લીટીઓ જોવા મળે છે. રોગ આવતો અટકાવવા માટે રોગ સામે પ્રતિકાર ધરાવતી જાતનું બિયારણ વાવવું. વાવતા પહેલા બીજને ફૂગનાશક દવાનો પટ આપવો. ચણા પછી પાક ફેરબદલી અને દિવેલાનો ખોળ હેકટરે એક ટન આપવાથી આ રોગની તીવ્રતા ઘટે છે. જમીનમાં રહેલી ફૂગનો નાશ ન થાય ત્યાં સુધી આ રોગ નાબુદ કરવો મુશ્કેલ હોવાથી એક ને એક પડામાં દર વર્ષે ચણા ન લેતાં જમીન ફેરબદલી કરવી હિતાવહ છે. |
| **સ્ટંટ વાયરસ રોગ (ટુટીયુ)** | આ રોગ વાયરસથી થાય છે. જેનો ફેલાવો એફીડ નામની જીવાતથી થાય છે. ઠંડી ઓછી પડે તો આ રોગ જોર પકડે છે. પાન તાંબાવરણા અને જાડાં થાય છે. ડાળીઓ અને છોડ ટૂંકા થઇ જાય છે. ફાલ બેસતો નથી કે ઓછો બેસે છે. છોડ નબળો પડવાથી સુકારાનો ભોગ બની જાય છે. આ રોગને કાબુમાં રાખવા માટે તેનો ફેલાવો કરતા વાહક મોલોમશીનું નિયંત્રણ કરવુ પડે છે. આ માટે શોષક પ્રકારની દવા ફોસ્ફામીડોન 8 મીલી 10 લી. પાણીમાં અથવા ડાયમીથોએટ 10 મીલી 10 લી. પાણીમાં મેળવીને છંટકાવ કરવો. |
| **કાપણી** | ચણાની કાપણી ત્યારે કરવી જોઈએ જ્યારે છોડ પીળાશ દેખાવા લાગે, પાંદડા સુકાઇ પડે અને શીંગાના દાણા કઠણ બની જાય. સામાન્ય રીતે કાપણી હાથથી ઉપાડીને અથવા હસિયા વડે કરવામાં આવે છે, જ્યારે મોટા ખેતરોમાં કોમ્બાઇન હાર્વેસ્ટરનો ઉપયોગ થાય છે. કાપણી કર્યા પછી છોડને 2–3 દિવસ સૂર્યપ્રકાશમાં સુકવીને લાકડી વડે માર મારી કે મશીન વડે દાણા અલગ કરવા જોઈએ. |